**બીજી ટેસ્ટ ચોથો દિવસ : શ્રીલંકા પ્રથમ દાવ 290 રન, દિનુષા 103 શ્રીલંકા બીજો દાવ 229/6, સૂર્યાબંદારા 92, કામિન્દુ 55**

# સૂર્યાબંદારા-મેન્ડિસના સંઘર્ષ છતાં ભારત સીરિઝ જીતની નજીક

**દિનુષાએ** સદી પૂરી કરી પણ શ્રીલંકાને ફોલોઓનથી ન બચાવી શકતા પ્રથમ દાવ 290 રને સમેટાયો

**બીજા** દાવમાં સૂર્યાબંદારા-કામિન્દુએ શતકીય ભાગીદારી કરી ભારતની જીતમાં વિલંબ આણ્યો



કોલંબો, તા. 26 (પીટીઆઈ) : અહીં રમાઈ રહેલી બીજી ટેસ્ટના આજે બુધવારે ચોથા દિવસે સોનલ દિનુષાએ પ્રથમ દાવમાં સદી ફટકારી છતાં તે શ્રીલંકાને ફોલોઓનથી બચાવી શક્યો નહોતો અને 290 રને ઓલઆઉટ થયા પછી પાસિન્દુ સૂર્યાબંદારા અને કામિન્દુ મેન્ડિસ વચ્ચેની શતકીય ભાગીદારી સાથે શ્રીલંકાના બેટ્સમેનોએ થોડા સમય માટે જોરદાર લડાઈ આપી હતી પરંતુ ભારતીય બોલરોએ સમયસર વિકેટો લેતા બુધવારે અહીં બીજી અને અંતિમ ટેસ્ટના ચોથા દિવસે રમતના અંતે શ્રીલંકાએ બીજા દાવ છ વિકેટે 229 રન પર લથડતા ભારત જીતની નજીક પહોંચી ગયું છે. વરસાદ અને બેડ લાઈટને કારણે રમત વહેલી બંધ થતાં સ્ટમ્પ સમયે દિનુષા સાત અને કેશરા નુવંથા ત્રણ રને ક્રિઝ પર હતા.

ચોથા દિવસે ભારતીય બોલરોએ પ્રભુત્વ જમાવ્યું તે પહેલાં, પસિન્દુ સુરિયાબંદારા (92) અને કમિન્દુ મેન્ડિસ (55) વચ્ચે ત્રીજી વિકેટ માટે 115 રનની ભાગીદારીથી શ્રીલંકાએ મેચને પાંચમા દિવસે ખેંચી ભારતની જીતને વિલંબીત કરી હતી. શ્રીલંકા જ્યારે બે વિકેટે ૬૩ રન પર સંઘર્ષ કરી રહ્યું હતું ત્યારે સુર્યાબંદારા અને મેન્ડિસે બાજી સંભાળી હતી. તેમણે આગામી ૧૧૦ મિનિટ સુધી ભારતીય બોલરોનો દઢતાપૂર્વક સામનો કર્યો. તેમની ભાગીદારી બિલકુલ રક્ષણાત્મક નહોતી. બંને બેટ્સમેનોએ મુક્તપણે રમી અને સતત બોલરો પર પ્રભુત્વ જમાવ્યું. આ ભાગીદારીએ શ્રીલંકાને પ્રથમ ઈનિંગમાં 213 રનથી પાછળ રહ્યા બાદ ફોલો-ઓનની પરિસ્થિતિમાંથી બહાર આવવામાં મદદ કરી. ટી બ્રેક સુધીમાં શ્રીલંકાએ બીજા દાવમાં ત્રણ વિકેટે 199 રન બનાવ્યા હતા અને ઈનિંગની હારને ટાળવા તેમને 14 રનની જરૂર હતી. જો કે દિવસના અંતિમ સત્રમાં ભારતે ત્રણ વિકેટ લઈને પાસુ પલટાવ્યું હતું.

ભારત માટે ચિંતાનું કારણ એ પણ હતું કે જ્યારે ઝડપી બોલર મોહમ્મદ સિરાજ કેચ લેવા માટે ડાઈવ કરતી વખતે ઘાયલ થયો હતો. તેને તબીબી સારવાર માટે મેદાન છોડવું પડ્યું હતું પરંતુ થોડા સમય પછી તે પાછો ફર્યો. બીજા સત્રમાં સિરાજે ટૂંકા રન-અપ સાથે બોલિંગ કરી. ત્રીજા દિવસે ગેરહાજર રહ્યા બાદ વિકેટકીપિંગ ફરજો પર પાછા ફરનાર પંત પણ ઘણી વખત વિકેટની ખૂબ નજીક ઉભો રહ્યો.

**ભારત પ્રથમ દાવ 503/9 ડિક્લેર**

**શ્રીલંકા પ્રથમ દાવ**

| | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ઉદારા કો.જયસ્વાલ, બો.પ્રસિદ્ધ | 1 | 6 | 0 | 0 |
| મિશારા કો.જુરેલ બો.પ્રસિદ્ધ | 19 | 25 | 3 | 0 |
| જયસૂર્યા LB બો.સુથાર | 2 | 7 | 0 | 0 |
| સૂર્યાબંદારા બો.જાડેજા | 80 | 133 | 9 | 0 |
| કામિન્દુ કો.જાડેજા બો.પ્રસિદ્ધ | 32 | 58 | 3 | 1 |
| ધનંજય કો.રાહુલ બો.સુથાર | 8 | 14 | 2 | 0 |
| દિનુષા કો,રાહુલ બો.સારાંશ | 103 | 162 | 8 | 3 |
| ડિકવેલા કો.જુરેલ બો.સિરાજ | 0 | 3 | 0 | 0 |
| નુવંતા કો.સારાંશ બો.સુથાર | 18 | 74 | 2 | 1 |
| કુમારા કો.જુરેલ બો.સારાંશ | 12 | 58 | 2 | 0 |
| ફર્નાન્ડો નોટઆઉટ | 1 | 4 | 0 | 0 |
| વધારાના | 14 | | | |
| કુલ (83.4 ઓવરમાં આઠ વિકેટે) | 265 | | | |

**વિકેટપતન :** 1-1, 2-8, 3-35, 4-122, 5-137, 6-171, 7-173, 8-230, 9-288, 10-290

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ સિરાજ | 11 | 0 | 33 | 1 |
| પ્રસિદ્ધ કૃષ્ણા | 16 | 2 | 52 | 3 |
| માનવ સુથાર | 22 | 1 | 85 | 3 |
| સારાંશ જૈન | 20.4 | 5 | 69 | 2 |
| રવિન્દ્ર જાડેજા | 20 | 4 | 45 | 1 |

**શ્રીલંકા બીજો દાવ**

| | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ઉદારા કો.સારાંશ બો.સિરાજ | 3 | 15 | 0 | 0 |
| મિશારા LB બો.જાડેજા | 32 | 39 | 3 | 1 |
| સૂર્યાબંદારા સ્ટ.પંત બો.સુથાર | 92 | 173 | 10 | 1 |
| કામિન્દુ કો.ગીલ બો.પ્રસિદ્ધ | 55 | 92 | 2 | 3 |
| ધનંજય કો.પડિકલ બો.સુથાર | 23 | 44 | 1 | 1 |
| દિનુષા રમતમાં | 7 | 37 | 0 | 0 |
| ડિકવેલા LB બો.સરાંશ | 6 | 12 | 1 | 0 |
| નુવંતા રમતમાં | 3 | 29 | 0 | 0 |
| વધારાના | 8 | | | |
| કુલ (72.4 ઓવરમાં છ વિકેટે) | 229 | | | |


**વિકેટપતન :** 1-5, 2-63, 3-178, 4-209, 5-212, 6-218

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| પ્રસિદ્ધ કૃષ્ણા | 10 | 1 | 31 | 1 |
| મહંમદ સિરાજ | 9 | 4 | 11 | 1 |
| માનવ સુથાર | 18 | 2 | 81 | 2 |
| સારાંશ જૈન | 17.4 | 3 | 55 | 1 |
| રવિન્દ્ર જાડેજા | 18 | 2 | 48 | 1 |

# બુમરાહના વર્ચસ્વના 638 દિવસ પછી અંત, સ્ટાર્ક બન્યો નંબર વન બોલર

**નવેમ્બર** 2024થી ટોચના સ્થાને રહેલો બુમરાહ શ્રીલંકા સીરિઝમાં રમતો ન હોવાથી તેને નુકસાન થયું

**બેટિંગ** રેન્કિંગમાં ઋષભ પંત છ સ્થાન ઉપર ચઢીને ગીલ સાથે સંયુક્ત સાતમા સ્થાને, બ્રુક નંબર વન



દુબઈ, તા. 26 (પીટીઆઈ) : બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટમાં કુલ 10 વિકેટ લેવાના કારણે ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર મિચેલ સ્ટાર્ક બોલિંગ રેન્કિંગમાં બે સ્થાન ઉપર ચઢીને તેની 15 વર્ષિય ઈન્ટરનેશનલ કેરિયરમાં પહેલીવારનંબર વન બોલર બન્યો છે અને તેની સાથે જ ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહના 638 દિવસથી ચાલતા વર્ચસ્વનો અંત આવ્યો છે. નવેમ્બર 2024થી ટોચ પર રહેલો બુમરાહ શ્રીલંકા સામે ચાલી રહેલી ટેસ્ટ સીરિઝનો ભાગ ન હોવાથી તેને રેન્કિંગમાં નુકસાન થયું છે. બુમરાહ હવે બીજા સ્થાને જ્યારે મેટ હેનરી ત્રીજા સ્થાને સરક્યો છે. મેકે ટેસ્ટમાં છ વિકેટ લીધા બાદ ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સ ચોથા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે ઓફ સ્પિનર નાથન લિયોન બે સ્થાન ઉપર ચઢીને 10મા સ્થાને પહોંચી ગયો છે. દરમિયાન, પાકિસ્તાન સામે હેડિંગ્લી ટેસ્ટ માં શાનદાર પ્રદર્શન કરનાર ઈંગ્લેન્ડનો ઓલી રોબિન્સન 15 સ્થાન ઉપર ચઢીને 11મા સ્થાને પહોંચી ગયો છે. બેટિંગ રેન્કિંગમાં ટોચ પર કોઈ ખાસ ફેરફાર થયો નથી. ટીમ ઈન્ડિયાનો સ્ટાર વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત છ સ્થાનના કૂદકા સાથે ભારતીય કેપ્ટન શુભમન ગીલ સાથે સંયુક્ત સાતમા સ્થાને પહોંચ્યો છે.

**ટેસ્ટ ટોપ ટેન બેટિંગ રેન્કિંગ**

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | હેરી બ્રુક | ઈંગ્લેન્ડ | 874 |
| 2 | જો રૂટ | ઈંગ્લેન્ડ | 850 |
| 3 | સ્ટીવ સ્મિથ | ઓસ્ટ્રેલિયા | 840 |
| 4 | ટ્રેવિસ હેડ | ઓસ્ટ્રેલિયા | 811 |
| 5 | તેમ્બા બાવુમા | દ.આફ્રિકા | 775 |
| 6 | રચિન રવિન્દ્ર | ન્યૂઝીલેન્ડ | 740 |
| 7 | ઋષભ પંત | ભારત | 711 |
| 8 | શુભમન ગિલ | ભારત | 711 |
| 9 | ડેરિલ મિચેલ | ન્યૂઝીલેન્ડ | 710 |
| 10 | બાબર આઝમ | પાકિસ્તાન | 709 |

**ટેસ્ટ રેન્કિંગ ટોપ ટેન બોલર્સ**

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | મિચેલ સ્ટાર્ક | ઓસ્ટ્રેલિયા | 872 |
| 2 | જસપ્રીત બુમરાહ | ભારત | 862 |
| 3 | મેટ હેનરી | ન્યૂઝીલેન્ડ | 861 |
| 4 | પેટ કમિન્સ | ઓસ્ટ્રેલિયા | 841 |
| 5 | માર્કો યાન્સેન | દ.આફ્રિકા | 825 |
| 6 | કગિસો રબાડા | દ.આફ્રિકા | 807 |
| 7 | સ્કોટ બોલેન્ડ | ઓસ્ટ્રેલિયા | 804 |
| 8 | નોમાન અલી | પાકિસ્તાન | 792 |
| 9 | જોશ હેઝલવુડ | ઓસ્ટ્રેલિયા | 783 |
| 10 | નાથન લિયોન | ઓસ્ટ્રેલિયા | 731 |

# WCLની ત્રીજી સીઝન ઓક્ટોબર દરમિયાન UAEમાં યોજાશે

**ત્રીજી** સીઝન માટે બાંગ્લાદેશ ચેમ્પિયન્સના સમાવેશ, ટૂર્નામેન્ટ 3થી 18 ઓક્ટોબર દરમિયાન રમાશે



નવી દિલ્હી, તા. 26 : 'વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ' (ડબલ્યુસીએલ)ની ત્રીજી સીઝન ત્રણથી 18 ઓક્ટોબર દરમિયાન સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)માં યોજાશે. આ સાથે પહેલી વાર, આ ટુર્નામેન્ટ બ્રિટનની બહાર યોજાશે.

ટુર્નામેન્ટ યુએઈમાં સ્થળાંતરિત થતાં, આયોજકોનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે વધુ પ્રેક્ષકો સુધી પહોંચવાનો છે, જ્યારે ત્રીજી આવૃત્તિમાં વધુ દિગ્ગજ ખેલાડીઓ, રોમાંચક હરીફાઈ અને મનોરંજનની ખાતરી આપે છે. 'લેજેન્ડ્સ' ક્રિકેટ લીગની ત્રીજી સીઝનમાં યુવરાજ સિંહ, એબી ડી વિલિયર્સ, ડ્વેન બ્રાવો, શાહિદ આફ્રિદી, મોઈન અલી, ડેવિડ વોર્નર અને મોહમ્મદ મહમુદુલ્લાહ સહિત અનેક માજી ઈન્ટરનેશનલ સ્ટાર્સ ભાગ લેશે. ત્રીજી સીઝન માટે બાંગ્લાદેશ ચેમ્પિયન્સના સમાવેશ સાથે WCL એ તેની ઈન્ટરનેશનલ ભાગીદારીનો પણ વિસ્તાર કર્યો છે.

આ ટુર્નામેન્ટ નિવૃત્ત ક્રિકેટ સ્ટાર્સ માટે સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછા ફરવા માટે એક મુખ્ય પ્લેટફોર્મ તરીકે ઉભરી આવી છે. પ્રથમ સિઝનનો ખિતાબ ઈન્ડિયા ચેમ્પિયન્સે પાકિસ્તાન ચેમ્પિયન્સને હરાવીને જીત્યો હતો જ્યારે દક્ષિણ આફ્રિકા ચેમ્પિયન્સે ફાઈનલમાં પાકિસ્તાન ચેમ્પિયન્સને હરાવીને બીજી સિઝનનો ખિતાબ જીત્યો હતો.

# દુલીપ ટ્રોફી : વેસ્ટ ઝોનને હરાવી નોર્થ ઝોન સેમી ફાઈનલમાં

બેંગલુરુ, તા. 26 : ડાબોડી સ્પિનરો આબિદ મુશ્તાક અને નિશાંત સિંધુએ અંતિમ દિવસના પ્રથમ કલાકમાં જ માત્ર 6.3 ઓવરમાં વેસ્ટ ઝોનના પુછડિયા બેટ્સમેનોને આઉટ કર્યા હતા અને તેની સાથે જ નોર્થ ઝોને 52 રને શાનદાર વિજય મેળવીને દુલીપ ટ્રોફીની સેમી ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

ટર્ન અને ગ્રીપ મળતી વિકેટ પર 287 રનના મુશ્કેલ લક્ષ્યાંકનો પીછો કરતા વેસ્ટ ઝોને અંતિમ દિવસે 7 વિકેટે 220 રનથી આગળ રમવાનું શરૂ કર્યા પછી 234 રનમાં ઓલઆઉટ થયું હતું. સિંધુએ ઉર્વિલ પટેલને આઉટ કરીને ઈનિંગ્સનો અંત આણતા મુશ્તાક આ મેચમાં બીજી વખત 5 વિકેટ ઝડપવાથી વંચિત રહ્યો હતો. મેચમાં કુલ 99 રન આપીને 9 વિકેટ લેનાર 29 વર્ષીય આબિદ મુશ્તાકને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

# સેરેના-અલકારાઝ US ઓપન મિક્ષ્ડ ડબલ્સમાંથી બહાર

**બેન્સિક**-કોબોલી, સ્વિતોલિના-મોનફિલ્સ, આન્દ્રીવા-રુબેલેવ અને મુચોવા-મેન્સિક સેમી ફાઇનલમાં



ન્યૂ યોર્ક, તા. 26 : યુએસ ઓપનમાં ચાર વર્ષના વિરામ પછી સેરેના વિલિયમ્સનું પુનરાગમન અને ઈજાના કારણે ચાર મહિના બહાર રહ્યા બાદ કાર્લોસ અલકારાઝની ટેનિસ કોર્ટ પર વાપસીથી ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પરંતુ આ ઉજવણી લાંબો સમય ટકી ન હતી. સાથે મળીને પોતાની પ્રથમ મેચ જીત્યા બાદ, સેરેના વિલિયમ્સ અને કાર્લોસ અલકારાઝની જોડી મંગળવારે મિક્ષ્ડ ડબલ્સની ક્વાર્ટર ફાઈનલમાં બેલિન્ડા બેન્સિક અને ફ્લાવિયો કોબોલી સામે 5-4, 4-1થી હારીને બહાર થઈ ગઈ હતી.

મેચ પહેલા કોબોલીએ તેમના વિરોધીઓને 'ટેનિસ ક્વિન અને હાલના કિંગ કહ્યા હતા. કુલ મળીને 8 યુએસ ઓપન સિંગલ્સ ટાઇટલ જીતનારી આ સુપરસ્ટાર જોડી આ પ્રશંસાને સંપૂર્ણપણે લાયક હતી. ઓર્થર એશ સ્ટેડિયમમાં દર્શકોનો તેમને સંપૂર્ણ સાથ મળ્યો હતો, જ્યાં પ્રથમ રાઉન્ડમાં ધીમી શરૂઆત બાદ તેમણે એરિન રાઉટલિફ અને લોયડ ગ્લાસપૂલને 5-3, 4-1થી હરાવ્યા હતા. ટોચના ખેલાડીઓને આકર્ષવા માટે શરૂ કરાયેલા નવા ફોર્મેટ હેઠળ વિજેતા જોડીને 10 લાખ ડોલર મળશે. બેન્સિક અને કોબોલી ઉપરાંત મિરા આન્દ્રીવા અને આન્દ્રે રૂબલેવે બે વારના યુએસ ઓપન મિક્ષ્ડ ડબલ્સ ચેમ્પિયન્સ સારા એરાની અને એન્ડ્રીયા વાવાસોરીને 1-4, 4-1 (11-9) થી હરાવીને સેમીમાં સ્થાન પાકું કર્યું હતું. જ્યારે પરિણીત યુગલ એલિના સ્વિતોલીના અને ગાએલ મોનફિલ્સે કેટરિના સિનિયોકોવા અને હેનરી પેટનની જોડીને 5-6, 4-5, (10-8)થી હરાવીને તેમજ મુચોવા અને મેન્સિક એમા નવારો અને ટોમી પૌલને 4-1, 5-3થી હરાવીને અંતિમ ચારમાં પહોંચ્યા હતા.

## મિક્ષ્ડ ડબલ્સમાં જીત પછી આન્દ્રીવાએ પાર્ટનર રુબેલેવ પર ક્રશ હોવાનો ખુલાસો કર્યો



ન્યૂયોર્ક, તા. 26 (AP) : બે વારના યુએસ ઓપન મિક્ષ્ડ ડબલ્સ ચેમ્પિયન્સ સારા એરાની અને એન્ડ્રીયા વાવાસોરીને 1-4, 4-1 (11-9) થી હરાવ્યા પછી મિરા આન્દ્રીવાએ મંગળવારે પોતાની અને ઓન્દ્રે રૂબલેવ વચ્ચેનો એક સિક્રેટ ખુલાસો કર્યો હતો. તેણે કહ્યું હતું કે ભૂતકાળમાં તેના પાર્ટનર પર ક્રશ હતો. મેચ બાદ કોર્ટ પર આપેલા ઈન્ટરવ્યુ દરમિયાન આન્દ્રીવાએ કહ્યું, મેં ક્યારેય આ અંગે કશું કહ્યું નહોતું, અને તેને પણ કંઈ જણાવ્યું નહોતું, પરંતુ ભૂતકાળમાં મને તેના પર થોડો ક્રશ હતો. તે મારા ફેવરિટ ખેલાડી સાથે રમવાનું મારું એક સ્વપ્ન પૂરું થવા જેવું છે, પરંતુ તે આગળ બોલે તે પહેલાં જ રૂબલેવે તેને ભેટી પડતાં દર્શકોએ તાળીઓના ગડગડાટથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. જો કે આન્દ્રીવાએ કહ્યું હતું કે આ ક્રશ હવે પૂરો થઈ ગયો છે. જ્યારે હું 15 કે 16 વર્ષની હતી ત્યારે તેને ક્રશ હતો.

## યુએસ ઓપનમાં સેરેના-વિનસ ફરી એકવાર મહિલા ડબલ્સમાં રમશે



ન્યૂ યોર્ક, તા. 26 (એપી) : સેરેના અને વિનસ વિલિયમ્સ ફરી એકવાર ટેનિસ કોર્ટ પર સાથે ઉતરશે અને બંને બહેનો યુએસ ઓપનમાં ડબલ્સ રમશે. બુધવારે બંનેને ટુર્નામેન્ટમાં વાઇલ્ડ કાર્ડ મળ્યા હતા. તેઓ અગાઉ બે વાર યુએસ ઓપન ડબલ્સ ટાઇટલ જીતી ચૂક્યા છે. ચાર વર્ષના વિરામ પછી સેરેના વિલિયમ્સ આ ઉનાળામાં ટેનિસમાં પાછી ફરી. બંને બહેનો વિમ્બલડનમાં સાથે રમવાની હતી, પરંતુ સેરેનાને એક સિંગલ્સ મેચમાં ઘૂંટણની ઈજા થઈ, જેના કારણે તેણે દાવેદારી પાછી ખેંચી લેવી પડી. ત્યારબાદ તેઓ સિનસિનાટી ઓપનમાં સાથે રમ્યા, જેમાં પહેલા રાઉન્ડમાં જ હારનો સામનો કરવો પડ્યો. વિલિયમ્સ બહેનોએ 1999 અને 2009માં યુએસ ઓપન ડબલ્સ ટાઇટલ જીત્યું હતું. યુએસ ઓપનમાં તેમનો કુલ જીત-હારનો રેકોર્ડ 27-7 છે. સેરેનાએ મંગળવારે કાર્લોસ અલ્કારાઝ સાથે મિક્ષ્ડ ડબલ્સ પણ રમી હતી. તેઓએ એક મેચ જીતી હતી પરંતુ ક્વાર્ટર ફાઇનલમાં હારી ગઈ હતી. વિનસ યુએસ ઓપનની મહિલા સિંગલ્સ સ્પર્ધામાં પણ ભાગ લેશે.

# અનાયા બાંગર માર્ચ 2027થી ઓસ્ટ્રેલિયામાં ક્રિકેટ રમવા માટે પાત્ર : CAની પુષ્ટિ

**અનાયા** બાંગર દ્વારા અપાયેલી તબીબી માહિતને આધારે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ નિર્ણય લીધો



મેલબોર્ન, તા. 26 : અનાયા બાંગરને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA) તરફથી પુષ્ટિ મળી છે કે તે માર્ચ 2027 થી ઓસ્ટ્રેલિયામાં ચુનંદા મહિલા ક્રિકેટમાં ભાગ લેવા માટે લાયક બનશે. બાંગરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર સત્તાવાર નિવેદનની તસવીરો શેર કરી છે, જે સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછા ફરવાના તેના પ્રયાસમાં એક મહત્વપૂર્ણ પગલું છે.

20 જુલાઈના રોજ CA દ્વારા જારી કરાયેલ પાત્રતા નિર્ધારણ પછી આ પુષ્ટિકરણ કરવામાં આવ્યું છે. 20 ઓગસ્ટના રોજ લખેલા પત્રમાં, CAના ઈન્ટિગ્રિટી હેડ જેકી પાર્ટ્રીજે પુષ્ટિ આપી હતી કે ગવર્નિંગ બોડીની ટ્રાન્સજેન્ડર અને લિંગ-વિવિધ ખેલાડી નીતિમાં સુધારાથી બાંગરની પાત્રતા પ્રભાવિત થશે નહીં. CA એ જણાવ્યું હતું કે આ નિર્ણય બાંગર દ્વારા આપવામાં આવેલી તબીબી માહિતીના આધારે લેવામાં આવ્યો હતો, જેમાં તેની ટેસ્ટોસ્ટેરોન સપ્રેશન સારવાર અને અંતિમ સર્જરીનો સમય સામેલ હતો.

મહિલા બિગ બેશ લીગ (WBBL) ને એલીટ ક્રિકેટ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે, જે સંભવિત રીતે બાંગરને સ્પર્ધામાં પ્રવેશવાનો માર્ગ આપે છે. જોકે, મંજૂરી કરારની ગેરંટી આપતી નથી. તેણે સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછા ફરવા પોતાની ફિટનેસ અને ફોર્મ ફરીથી બનાવવાની અને ફ્રેન્ચાઈઝીને પ્રભાવિત કરવાની જરૂર પડશે.

# એન્ડી રોડિક સામેની પ્રદર્શન મેચ સાથે યુએસ ઓપનમાં ફેડરરની વાપસી

**'એન આઇકોન** રિટર્ન્સ ટુ ન્યૂયોર્ક' તરીકે ઓળખાવાયેલી મેચમાં રોડિકે ફેડરરને 6-1, 6-2, 6-4થી હરાવ્યો



ન્યૂયોર્ક, તા. 26 (એપી) : પાંચ વખતનો યુએસ ઓપન ચેમ્પિયન રોજર ફેડરર ગઈકાલે મંગળવારે રાત્રે આર્થર એશ સ્ટેડિયમમાં તેના જૂના હરીફ અને મિત્ર એન્ડી રોડિક સામે મનોરંજન માટે એક અંતિમ મેચ રમવા પાછો ફર્યો હતો. આ મેચમાં રોડિક 6-1, 6-2, 6-4થી જીત્યો હતો.

'એન આઈકોન રિટર્ન્સ ટુ ન્યૂયોર્ક' તરીકે ઓળખાવાયેલા આ કાર્યક્રમમાં રમતના સુવર્ણકાળ દરમિયાન 20 ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીતનાર 45 વર્ષીય ફેડરર અને ટૂંક સમયમાં 44 વર્ષના થનારા રોડિક વચ્ચેની પ્રાઈમ-ટાઈમ મેચ જોવા સ્ટેડિયમ દર્શકોથી ભરાઈ ગયું હતું. ફેડરરના ચાહકો તેમના ખાસ 'RF' લોગોવાળી કેપ પહેરીને આવ્યા હતા. ફેડરરે જણાવ્યું હતું કે, ન્યૂયોર્ક પાછા ફરીને ખૂબ આનંદ થાય છે. આ કોર્ટ, ફેન્સ અને આ શહેર સાથે મારી ઘણી સુંદર યાદો જોડાયેલી છે. ફેડરરે કહ્યું, તેણે મને હરાવ્યો હતો. મારી પાસે કોઈ તક નહોતી. ત્યારે મને સમજાયું કે આટલું સરળ નથી. છતાં, આ સેન્ટર કોર્ટ મને હંમેશા યાદ રહેશે

## સુડોકુ ૬૬૧૩ 'ક્રુ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૬ | ૯ | ૫ | | | ૧ |
| ૯ | ૭ | ૬ | | ૮ | ૩ | ૨ | | ૪ |
| ૧ | ૫ | ૮ | ૪ | | | | ૬ | |
| | ૮ | | | | | ૫ | ૯ | ૭ |
| | ૧ | ૯ | ૮ | ૬ | ૭ | | | |
| ૭ | | | | ૩ | ૯ | | ૮ | |
| | ૬ | | ૯ | ૧ | ૮ | ૭ | ૩ | |
| | ૩ | | ૭ | | ૬ | ૯ | ૪ | ૫ |
| | | ૭ | | ૫ | ૪ | | ૧ | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## આજનું પંચાંગ

**તા. 27/08/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** સુદ: ચૌદસ: 09:10 પછી વ્રતની પૂનમ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા: 05
**યોગ :** શોભન **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** ઘનિષ્ઠા: 26:16
**રાશિ:** મકર (ખ,જ) 13:36 પછી કુંભ (ગ,સ,શ,ષ)
**દિવસ :** અશુભ- બૃહસ્પતિપૂજન- નાળિયેળી પૂર્ણિમા
**સુરતમાં સૂર્યોદય :** 06:22 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:58
**નવકારસી :** 07:10
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 13મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ અવલ માસનો 13મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત,
**રાહુકાળ :** બપોરે: 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ધંધામાં નવી યોજના પાર પડે. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. મિત્રોની મદદ મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** વિદેશ યાત્રા, ઉચ્ચ શિક્ષણ, કાયદા કાનૂન અને નોકરીની તલાશ વગેરેના કામ હકારાત્મક રહે.
**મિથુન (ક,છ,ઘ,):** પડવા-વાગવાથી સાવધાન, લાગણી પર કાબૂ રાખવો. સરકારી કામમાં મદદ મળે. ખર્ચા વધશે.
**કર્ક (ડ,હ,):** દાંપત્યજીવન રંગીન બને. સામાજિક પ્રશ્નો હલ થાય. નોકરીમાં મદદ મળે. આવકમાં વધારો.
**સિંહ (મ,ટ,):** સરકારી નોકરીમાં પ્રગતિ થાય. વિજાતિય મિત્રોનો સાથ મળે. માતાના આરોગ્યની ચિંતા ખર્ચા વધશે.
**કન્યા (પ,ઠ,ણ,):** પુત્રી સંતાનની ચિંતા રહે. અચાનક શુભ સમાચાર મળે. શેર બજારમાં તક મળે. અભ્યાસમાં મદદ મળે.
**તુલા (ર,ત,):** નવા ઘર અને ઓફિસ ખરીદીની યોજનામાં પ્રગતિ થાય. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં મિલન થાય.
**વૃશ્ચિક (ન,ય,):** શુભ સમાચાર મળે. બૌદ્ધિક કાર્યમાં સફળતા મળે. મિત્રોનો સાથ મળે. મન અશાંત રહે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** પારિવારિક પ્રસંગની જવાબદારી નિભાવવી પડશે. ઉઘરાણી આવી શકે છે. ઘરમાં અશાંતિ વધે.
**મકર (ખ,જ,):** પડવા-વાગવાથી સાવધાન. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં મિલન-મુલાકાતથી ઉત્સાહ વધશે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** બિનજરૂરી ખર્ચા વધે. અંગત જીવનમાં રસિક મુલાકાત થાય. ધાર્મિક યાત્રાથી શાંતિ મળે.
**મીન (દ,ચ,ઝ,થ,):** સંતાન, જીવનસાથી, મિત્રો વગેરેને મદદરૂપ બનશો. આવક વધે પ્રેમમાં સાથ મળે.

## કોઈ પણ સાલમાં 27 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવું વર્ષ ઉત્સાહ વધારનાર અને નવી તકો પેદા કરનાર બનશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે નવી યોજના અને ટેક્નોલોજીથી રાહત રહેશે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. સમાજમાં માન વધે. સરકારી કામ કોર્ટ કચેરીમાં મદદથી અનુકૂળતા વધે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમર લાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. આરોગ્ય સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં મિત્રોની મદદ મળે. ઉચ્ચ શિક્ષણ અર્થે વિદેશની ઇચ્છા પૂર્ણ થાય. પરીક્ષામાં સફળતા મળે. વિદેશ પ્રવાસમાં કાયદાકીય મદદ મળે. નવા ઘર, વાહન, મકાન તથા વારસા, જાયદાદ- જમીન જેવા કામ સરળ બનશે. યાત્રા- પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. વર્ષ દરમિયાન હરીફોની હેરાનગતિ વધશે. માર્ચ-એપ્રિલ ઓક્ટોબર-નવેમ્બર, મંગળ-ગુરુવાર 09,18,27 તારીખે નવા કામ કરવા. લાલ રંગનો ઉપયોગ વધારવો. ડીસેમ્બર- જાન્યુઆરી, બુધ-શનિવાર, 07, 17, 26 તારીખે નવા કામ ટાળવાં. સફેદ અને ભૂરા રંગનો ઉપયોગ ઓછો કરવો.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

**માથા પર ફોડલીઓ થવી**

સોનાગેરુ , રક્ત ચંદન અને ગુલે અરમાની ગુલાબજળમાં વાટી માથે લેપ કરો.

## અનુસંધાન... પાના પહેલાનું

**જળપ્રલયના...**

આ ભયાનક પ્રવાહને પોતાની તરફ આવતો જોઈને લોકો હેબતાઈ ગયા હતા અને જીવ બચાવવા માટે અસ્તવ્યસ્ત ભાગદોડ મચાવી રહ્યા હતા, પરંતુ પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે લોકોને સુરક્ષિત સ્થળે પહોંચવાની તક પણ મળી નહોતી. અન્ય એક ચોંકાવનારા વીડિયોમાં માલેખુ વિસ્તારમાં નદીના ધસમસતા પ્રવાહ વચ્ચે એક મોટો બ્રિજ ધડાકાભેર ધરાશાયી થઈને ક્ષણવારમાં તણાઈ જતો દેખાય છે. તિબેટ સરહદે આવેલા કેરોંગ પોર્ટના દ્રશ્યોમાં લોકો પાણીના ભયાનક વહેણથી બચવા ફાંફા મારી રહ્યા હતા. ટીવી અને વાયરલ ફુટેજમાં નેપાળના નુવાકોટ અને રસુવા જિલ્લામાં અનેક મકાનો પત્તાના મહેલની જેમ ધરાશાયી થતાં અને અડધા પાણીમાં ગરકાવ થયેલા દેખાયા હતા. આ સિવાય પૂરના પ્રચંડ પ્રવાહમાં અનેક કાર અને નાના-મોટા વાહનો રમકડાની જેમ તરતા અને તણાતા કેમેરામાં કેદ થયા છે. પહાડી ખીણોમાંથી ધસી આવતા કાદવ, બરફ અને પાણીના મોજાઓએ થોડી ક્ષણોમાં જ આખેઆખા ગામડાં અને પ્રોજેક્ટ સાઈટ્સને વહાવીને નામશેષ કરી દીધાના અત્યંત ભયાનક દ્રશ્યો સામે આવ્યા છે.

**નેપાળમાં...**

કર્યા છે.

**ઇમરજન્સી હેલ્પલાઇન નંબર્સ**

ભારતીય દૂતાવાસ (કાઠમંડુ): +977 985 131 6807 / +977 970 910 7500 ભારતીય દૂતાવાસ (બીજિંગ): 0086 185 1428 4905 (WhatsApp) નેપાળ ટૂરિઝમ બોર્ડ: ટોલ-ફ્રી 1234 / હોટલાઇન 1144 તામિલનાડુના અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુમ થયેલા પ્રવાસીઓમાંથી 37 તંજાવુરના છે. નેપાળમાં પોતાના નાગરિકો ફસાયા હોવાની આશંકાને પગલે ઉત્તર પ્રદેશ અને કેરળ સહિત ભારતના અન્ય કેટલાક રાજ્યોએ પણ હેલ્પલાઇન નંબર જાહેર કર્યા છે. ભારતીયો અને એનઆરઆઈ (NRI) સિવાય, બાકીના ગુમ થયેલા પ્રવાસીઓ અમેરિકા, મલેશિયા, યુકે, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને નેધરલેન્ડ સહિત બે ડઝનથી વધુ દેશોના હતા. તે ઉપરાંત, નેપાળના સેનાના 44 જવાનો સહિત 80 સુરક્ષાકર્મીઓ પણ વિવિધ સ્થળોએથી ગુમ થયા છે, તેમ વિદેશ પ્રધાન શિશિર ખનાલે પ્રતિનિધિ સભા (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ) ને માહિતગાર કર્યા હતા. ઇન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર્સ એસોસિએશન નેપાળ (IPPAN)ના નિવેદન અનુસાર, અચાનક આવેલા આ પૂરે નુવાકોટ અને રસુવા જિલ્લામાં આવેલા કુલ 354 મેગાવોટ ક્ષમતા ધરાવતા 8 કાર્યરત હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ અને 5 નિર્માણાધીન પ્રોજેક્ટ્સને ગંભીર નુકસાન પહોંચાડ્યું છે. નેપાળના પૂર પૂર્વાનુમાન વિભાગે બપોરે X (ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે: "ચીન તરફથી મળેલી માહિતી અનુસાર, નદીના અવરોધ વાળા સ્થળેથી સરોવરનું પાણી હજુ સુધી સંપૂર્ણપણે ખાલી થયું નથી, તેથી ભોટેકોશી અને ત્રિશૂલી વિસ્તારોમાં જોખમ યથાવત છે" અને લોકોને નદીઓથી દૂર રહેવા તથા સુરક્ષિત સ્થળોએ રહેવા વિનંતી કરી હતી. દિવસે પછીથી 'NDRRMA' એ X પર પોતાની પોસ્ટમાં ઉમેર્યું હતું કે, "નદી જ્યાં અવરોધાઈ હતી તે સ્થળે સરોવર સંપૂર્ણપણે ખાલી થયું નથી, છતાં ભોટેકોશી અને ત્રિશૂલી વિસ્તારોમાં જોખમ રહેલું છે. આગામી અપડેટ ન આવે ત્યાં સુધી લોકોને નદી કિનારેથી દૂર રહેવા અને સુરક્ષિત સ્થળોએ રહેવા આગ્રહપૂર્વક વિનંતી કરવામાં આવે છે." 'ધ કાઠમંડુ પોસ્ટ'ના જણાવ્યા અનુસાર, ભોટેકોશી નદીમાં આવેલા પૂરે નુવાકોટના બેત્રાવતીને રસુવાના રસુવાગઢી સરહદી ક્રોસિંગ સાથે જોડતો 42 કિલોમીટરનો રસ્તો ધોઈ નાખ્યો હતો. સરકારે બાદમાં જણાવ્યું હતું કે બુધવારે અચાનક આવેલા આ પૂરમાં વાહનો જઈ શકે તેવા 19 મોટા પુલો તણાઈ ગયા હતા. જળપ્રલય અને નુકસાનની મુખ્ય વિગતો અચાનક આવેલું પૂરઃ સવારે 8:37 વાગ્યે તિબ્બતમાં ભૂકંપ આવ્યાના મિનિટોમાં જ ભોટેકોશી નદીમાં પાણીનું સ્તર ભયાનક રીતે વધી ગયું હતું, જે રસુવા, નુવાકોટ, ધાદિંગ, ચિતવન અને ગોરખા સહિતના વિસ્તારોમાં પ્રસરી ગયું હતું. ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો સફાયોઃ પૂરના પ્રચંડ પ્રવાહમાં 19 મોટા રોડ બ્રિજ, 42 કિમી લાંબો મુખ્ય ધોરીમાર્ગ અને અનેક મકાનો તથા વાહનો તણાઈ ગયાં હતાં. હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ ઠપઃ રસુવાગઢી (111 MW), સંજેન ખોલા (78 MW) અને અપર ત્રિશૂલી 3A (60 MW) સહિત 8 કાર્યરત અને 5 નિર્માણાધીન હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સને ગંભીર નુકસાન પહોંચ્યું છે. ભારતીય નાગરિકો અને પ્રવાસીઓ પર અસર પૂરના કારણે ગુમ થયેલા લોકોમાં 133 ભારતીયો અને 37 એનઆરઆઈ (NRI) સમાવિષ્ટ છે. ગુમ થયેલા ભારતીયોમાં કૈલાશ માનસરોવર યાત્રાએ ગયેલા 50 શ્રદ્ધાળુઓ અને ઇશા ફાઉન્ડેશનના 77 સભ્યોનો સમાવેશ થાય છે. અમેરિકા, યુકે, મલેશિયા અને ઓસ્ટ્રેલિયા સહિત બે ડઝનથી વધુ દેશોના પ્રવાસીઓ પણ આ આપદામાં ફસાયા છે. રાહત અને બચાવ કામગીરી નેપાળના વડાપ્રધાન બલેન્દ્ર શાહના આદેશથી નેપાળ આર્મીના 12 હેલિકોપ્ટર અને સેનાના જવાનો બચાવ કામગીરીમાં જોતરાયા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળી વડાપ્રધાન સાથે વાતચીત કરી તમામ માનવતાવાદી મદદની ખાતરી આપી છે અને રાહત સામગ્રીનો પ્રથમ જથ્થો રવાના કરી દીધો છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે પણ ચીન સરહદે ફસાયેલા લોકોને બચાવવા માટે પીપલ્સ આર્મ્ડ પોલીસના 145 જવાનોને તૈનાત કર્યા છે.